सत्यमेव जयते

| GJRJ050032882024 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૧૪/૧૦/૨૦૨૪. |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૧૪/૧૦/૨૦૨૪. |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૧૬/૦૬/૨૦૨૬. |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૧ ૮ ૨ |

=====================================================

**જેતપુરના મહેરબાન જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**(શ્રી ડી.એમ.પરમાર) સાહેબની અદાલતમાં**
**મુકામઃ જેતપુરનાં સમક્ષ**

=====================================================

**ક્રિમિનલ કેસ નં.૨૭૫૩/૨૦૨૪.**
**આંકઃ-**

**ફરિયાદીઃ-** **રવિરાજ અશ્વીનભાઈ સાબાડ**
ઉ.વ.૨૭, ધંધો.વેપાર,
રહે.લક્ષ્મીનગર સોસાયટી, બાવાવાળા પરા, જેતપુર
તા.જેતપુર જી.રાજકોટ.

**//વિરુદ્ધ//**

**આરોપીઃ-** **ચીંતન જયંતિલાલ કકકડ**
ઉ.વ.૩૨, ધંધો-વેપાર
રહે.જેસુખભાઈ ગુજરાતીના મકાનની પાછળ,
ગુજરાતીની વાડી, જેતપુર
ધંધાનું સરનામું. શ્રીજી પાન, બોસમીયા કોલેજ પાસે
જુની પંચવટી હોટલ જેતપુર.
તા.જેતપુર જી.રાજકોટ.

=====================================================

ફરિયાદપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રી જે.કે.ગોહેલ
આરોપી તરફે વિદ્વાન વકીલશ્રી વી.બી.ગોસાઈ

=====================================================

==================================================

**ગુનોઃ– ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

==================================================

## // ચુ કા દો //

(૧) આ કેસમાં આરોપી સામે ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

(૨) સદર કામે ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે,ફરીયાદી જેતપુરમાં રહે છે અને પ્રિન્ટીંગને લગતો કામ ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આ કામનાં આરોપી ફરીયાદીના મિત્ર થાય છે અને ઘણા સમયથી એકબીજાને ઓળખે છે અને મિત્રતાના સબંધો છે. આરોપીને તેના ધંધાના વિકાસ અર્થે વધુ નાણાની જરૂરીયાત હોવાથી આરોપીએ ફરીયાદીને રૂપિયાની જરુરત છે તેવું આરોપીએ ફરીયાદીના ઘરે આવીને જણાવેલ. ફરીયાદીએ આરોપીને મદદરૂપ થવાના ઈરાદાથી આરોપીને લગભગ ૨ વર્ષ પહેલા રૂ.૩,૫૦,૦૦૦/–પુરા રોકડા અલગ અલગ તારીખે હાથ ઉછીના આપેલા, આ નાણા આરોપી ફરીયાદીને જરૂર પડશે ત્યારે એકી સાથે પરત ચુકવી આપશે તેવો આરોપીએ વિશ્વાસ અને ખાત્રી આપેલ.ફરીયાદીને નાણાની જરુરીયાત પડતાં આરોપીને આપેલ હાથઉછીના રૂ.૩,૫૦,૦૦૦/– પુરાની આરોપી પાસે માંગણી કરેલ ત્યારે આરોપીએ ફરીયાદી પાસેથી મુદત માગેલ ત્યારબાદ લેણી રકમ માંગતા કોઈ સગવડ કરેલ નહી અને ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીની રકમ પરત આપવા માટે આરોપીએ ફરીયાદીને તેમના નામ જોગ રૂ.૩,૫૦,૦૦૦/– બેંક ઓફ બરોડા જેતપુર

શાખા ચેક નં.૦૦૦૦૩૫ તા.૯.૯.૨૦૨૪ ના રોજનો ચેક લખી આપેલ જે ચેક જમા કરાવ્યેથી પાસ થઈ જશે તેવી ખાત્રી આપેલ.સદરહું ચેક ફરીયાદીના ખાતાવાળી બેંક એચડીએફસી બેંક જેતપુર શાખા તા.૧૦/૯/૨૦૨૪ ના રોજ જમા કરાવેલ પરંતુ આરોપીના ખાતામાં અપુરતી બેલેન્સ ન હોવાના કારણે સદરહું ચેક તા.૧૦/૯/૨૦૨૪ ના રોજ ફંડસ ઈન્સફીશીયન્ટ ના શેરા સાથે પરત ફરેલ.ફરીયાદીની બેંકે ચેક રીટર્ન થયાની જાણ કરતાં વકીલશ્રી મારફતે તા.૧૮/૯/૨૦૨૪ ના રોજની લીગલ નોટીસ રજી.એડી.પોસ્ટથી તા.૨૦/૯/૨૦૨૪ ના રોજ આરોપીના ઘરના તથા ધંધાના સરનામે મોકલાવી જાણ કરેલ કે આ નોટીસ મળ્યે ૧૫ દીવસમાં ચેકના રૂપિયા ફરીયાદીને ચુકવી આપશો તેની પાકી પહોંચ મેળવી લેશો અને આમ કરવામાં કસુર કર્યેથી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ ૧૩૮ મુજબની ફરીયાદ કરીશું. સદરહું લીગલ નોટીસ આ કામનાં આરોપીને રજી.એડી.પોસ્ટથી આરોપીના ઘરના તથા ધંધાના સરનામે તા.૨૧.૯.૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. આમ, આ કામનાં આરોપીને નોટીસ બજી જવા છતાં આ કામનાં આરોપીએ વાદવાળા ચેકમાં લખેલ કાયદેસરના લેણા રુપિયા ચુકવેલ નથી તેમજ ચુકવવાની કોઈ દરકાર કરેલ નથી અને નોટીસનો કોઈ જવાબ આપેલ નથી જેથી હાલની ફરીયાદ કરેલ છે.

**સદરહુ ફરિયાદ લાવી ફરિયાદીએ દાદ માંગેલ છે કે,**

(એ) આ કામના આરોપીને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરાવી સખ્ત

નશ્ચત કરવા તેમજ ચેકની રકમ  નો બમણી રકમનો દંડ કરી તેનું  વળતર અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(બી) આ ફરીયાદને અનુરુપ મળી શકતી હરકોઈ દાદ અપાવવા અરજ છે.

(૩) ફરિયાદીની ફરિયાદને આધારે આરોપી સામે પ્રથમ દર્શનીય કેસ બનતો હોઈ ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરેલ છે જેના આધારે આરોપી હાજર રહેલ છે અને આંક–૧૨થી ગુના અંગે પ્લી લેતા તેઓએ ગુનો કબૂલ કરેલ નથી જેથી કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવાઓ.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદીનું સરતપાસનું સોગંદનામું. | ૦૫ |

**દસ્તાવેજી પુરાવાઓ.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ચેક નં.૦૦૦૦૩૫ | ૧૩ |
| ૨ | રીટર્ન મેમો | ૧૪ |
| ૩ | ડીમાન્ડ નોટીસ | ૧૫ |
| ૪ | રજી.એડી.કર્યાની પહોંચ | ૧૬ |
| ૫ | એકનોલેજમેન્ટ | ૧૭ |
| ૬ | નોટીસ ધંધાના સરનામે કર્યાની રજી.એડી પહોંચ | ૧૮ |

| | | |
|---|---|---|
| ૭ | ધંધાના સરનામે નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ | ૧૯ |

ફરિયાદી તરફે ઉપરોકત પૂરાવાઓ રજૂ થયા બાદ આંક-૨૫ થી કલોઝીંગ પૂરસીસ રજૂ કરવામાં આવેલ છે.

(૫) આ કામે રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતાં, આ કામે ફરિયાદપક્ષ તરફે આંક-૨૬ થી આરોપીનો એફ.એસ.નો હક્ક બંધ કરવાની અરજી રજૂ થયેલ છે. જે અરજી અત્રેની કોર્ટ દ્બારા મંજૂર કરવામાં આવેલ અને આરોપી ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદનનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૬) ફરિયાદપક્ષે વિદ્બાન વકીલશ્રી નાઓએ મૌખિક દલીલો કરતા જણાવેલ છે કે, ફરિયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે. બચાવપક્ષ તરફે કોઈ સચોટ બચાવ રજૂ થયેલ નથી. વધુમાં ફરિયાદી તરફે આંક-૧૩થી રજૂ ચેકને બચાવપક્ષ દ્બારા નકારવામાં આવેલ ન હોય અને ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ તમામ દસ્તાવેજી પૂરાવાઓને પણ નકારેલ ન હોય તેમજ આરોપીએ પોતે ફરિયાદીને ચેક આપેલ હોય અને તેમાં પોતાની સહીને પણ નકારેલ ન હોય આરોપીનું દેવું પુરવાર થાય છે. વધુમાં સદર કામે આરોપીએ ફરિયાદીની ફરિયાદનું ખંડન કરેલ નથી. આંક-૧૩થી રજૂ ચેકની વિગત કે સહીને નકારેલ નથી. વધુમાં જણાવેલ છે કે, નામદાર સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક સિદ્બાંતો મુજબ આ કામના ફરિયાદીને ચેકની રકમનું બમણુ વળતર અપાવવા અથવા તો યોગ્ય વ્યાજ સાથે પરત અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૬.૧) સદરહુ કામ આરોપીની દલીલ પર હોય, પરંતુ આરોપી હાજર રહેતાં ન હોય અને આરોપી તરફે કોઈ દલીલ કરવામાં આવેલ ન હોય, જેથી ફરિયાદપક્ષના વિદ્ધાન વકીલશ્રી દ્ધારા આંક–૨૭થી આરોપીની દલીલનો હક્ક બંધ કરવા અંગેની અરજી રજૂ થતાં, સદરહુ અરજી મંજૂર કરવામાં આવેલ અને આરોપીનો દલીલનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતે આ કેસના આખરી નિર્ણય માટે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદીએ આરોપીને મદદરૂપ થવાના ઈરાદાથી આરોપીને લગભગ ૨ વર્ષ પહેલા રૂ.૩,૫૦,૦૦૦/– પુરા રોકડા અલગ અલગ તારીખે હાથ ઉછીના આપેલા, ફરીયાદીએ આરોપીને આપેલ હાથઉછીની રકમ પરત આપવા માટે આરોપીએ ફરીયાદીને તેમના નામ જોગ રૂ.૩,૫૦,૦૦૦/– બેંક ઓફ બરોડા જેતપુર શાખા ચેક નં.૦૦૦૦૩૫ તા.૯.૯.૨૦૨૪ ના રોજનો ચેક લખી આપેલ જે ચેક જમા કરાવ્યેથી પાસ થઈ જશે તેવી ખાત્રી આપેલ.સદરહું ચેક ફરીયાદીના ખાતાવાળી બેંક એચડીએફસી બેંક જેતપુર શાખા તા.૧૦/૯/૨૦૨૪ ના રોજ જમા કરાવેલ પરંતુ આરોપીના ખાતામાં અપુરતી બેલેન્સ ન હોવાના કારણે સદરહું ચેક તા.૧૦/૯/૨૦૨૪ ના રોજ **ફંડસ ઈન્સફીશીયન્ટ**

ના શેરા સાથે પરત ફરેલ.ફરીયાદીની બેંકે ચેક રીટર્ન થયાની જાણ કરતાં વકીલશ્રી મારફતે તા.૧૮/૯/૨૦૨૪ ના રોજની લીગલ નોટીસ રજી.એડી.પોસ્ટથી તા.૨૦/૯/૨૦૨૪ ના રોજ આરોપીના ઘરના સરનામે મોકલાવી જાણ કરેલ કે આ નોટીસ મળ્યે ૧૫ દીવસમાં ચેકના રૂપિયા ફરીયાદીને ચુકવી આપશો તેની પાકી પહોંચ મેળવી લેશો અને આમ કરવામાં કસુર કર્યેથી નેગો.ઈન્સ્ટ્રુ.એકટ ૧૩૮ મુજબની ફરીયાદ કરીશું. સદરહું લીગલ નોટીસ આ કામનાં આરોપીને રજી.એડી.પોસ્ટથી આરોપીના ઘરના તથા ધંધાના સરનામે તા.૨૧.૯.૨૦૨૪ ના રોજ બજી ગયેલ છે. આમ, આ કામનાં આરોપીને નોટીસ બજી જવા છતાં આ કામનાં આરોપીએ વાદવાળા ચેકમાં લખેલ કાયદેસરના લેણા રુપિયા ચુકવેલ નથી તેમજ ચુકવવાની કોઈ દરકાર કરેલ નથી અને નોટીસનો કોઈ જવાબ આપેલ નથી.જે મુજબ આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ શું આખરી હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ હકારમાં.

મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.

**<u>//કારણો//</u>**

**<u>મુદ્દા નં.૧, ૨.</u>**

(૦૯) આરોપી વિરુદ્ધ ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષપાત્ર ગુનાનું તહોમત છે જે અંગેની ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ લક્ષમાં લેતાં નીચે મુજબના આવશ્યક તત્વો ફરિયાદીની ફરિયાદમાં હોવા જોઈએ અને તેવી હકીકતો ફરિયાદીએ તેઓના પુરાવાથી પુરવાર કરવાની છે.

૧. કાયદેસરના લેણાની ચુકવણી પેટે આરોપી દ્વારા પોતાના ખાતાનો ચેક ઈસ્યુ કરવામાં આવેલ હતો.

૨. ચેક ફરિયાદી દ્વારા બેંકમાં રજૂ કરવામાં આવેલ હતો.

૩. ચેક બેંક માં રજૂ કરતાં, આરોપીની બેંક દ્વારા વણચુકવ્યો પરત આવેલ હતો.

૪. વણચુકવ્યો પરત ફરેલ ચેકની રકમ ચુકવવા માટે ચેકના ધારણકર્તા દ્વારા ચેક લખનારને આ કલમની જોગવાઈ મુજબની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ હતી.

૫. ચેક લખનાર નોટિસ બજવા છતાં નિયત મુદતમાં ચેકની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે.

***<u>ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ–૧૩૯ની જોગવાઈ નીચે મુજબ છે.</u>***

139. Presumption in favour of holder.—

It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section-138 for the discharge, in whole or in part, of any debt or other liability

(૧૦) ઉપરોકત કાયદાકીય જોગવાઈ સિવાય ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં કલમ–૧૩૯માં ધારકની તરફેણમાં અનુમાન કરવા બાબત જોગવાઈ કરવામાં આવેલ છે. પ્રસ્તુત કેસના નિર્ણય માટે રજૂ પુરાવાની ચર્ચા કરતા અગાઉ તે સંદર્ભે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને કલમ–૧૩૯ અંગે નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓથી સ્થાપિત સિદ્ધાંતો લક્ષમાં લેવા પડે જે અંગે નીચે મુજબના ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. ૨૦૧૦ એ.આઈ.આર.(એસ.સી)૧૮૯૮ રંગપ્પા વિ. શ્રી મોહનનો ચુકાદો માનસહ વંચાણે લેતાં, આ ચુકાદામાં નામદાર સપ્રિમ કોર્ટના પેરા–૧૪માં ઠરાવેલ છે કે, કલમ–૧૩૯માં કાયદેસરનું લેણું અસ્તિત્વમાં હતું તેવા અનુમાનનો સમાવેશ થાય છે. આરોપીએ કલમ–૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન માટેનો પુરાવો સંભાવનાની પ્રબળતા (પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) હોય તેટલી કક્ષાનો આપવો પડશે અને તે માટે આરોપીએ પોતાનો પુરાવો આપવાની જરૂર નથી પરંતુ ફરિયાદી તરફે રજૂ પુરાવા પર આધાર રાખીને પણ બચાવ કરી શકે છે.

(૧૧) મુદ્દા નંબર–૦૧ના નિર્ણય હેતુસર ઉપરોકત ચર્ચા કર્યા મુજબની કાયદાની જોગવાઈ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના ચુકાદાથી સ્થાપિત સિદ્ધાંત અને તે અંગે પ્રસ્તુત કેસની હકીકત અને તે અન્વયે રજૂ પુરાવો લક્ષમાં લેવામાં આવેલ છે.

(૧૨) ફરિયાદી તરફે આંક–૦૫થી સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે. જેમાં ફરિયાદની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. જેથી પુરાવાનું પુનરાવર્તન ટાળવા અત્રે ફરી ચર્ચા કરવામાં આવેલ નથી. વધુમાં

સદરહુ કામે ફરિયાદપક્ષ તરફે આંક–૨૪ થી આરોપી તરફે ફરિયાદીની ઊલટતપાસનો હક્ક બંધ કરવા અંગેની અરજી રજૂ થયેલ છે. જે અરજી મંજૂર કરવામાં આવેલ છે અને આરોપીનો ફરિયાદીની ઊલટતપાસ લેવાનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧૩)** ઉપરોક્ત પુરાવાના સંદર્ભે ૨૦૦૮ ડી. સી. આર.(ગુજ.)૧૮૮ ઉપર પ્રસિદ્ધ થયેલ ''સતીશ જયંતીલાલ શાહ વિરુદ્ધ પંકજ મશરુવાળા અને બીજાના ચુકાદામાં તેમજ ૨૦૧૦ ક્રી.લો.જ. ૨૮૭૧ ઉપર પ્રસિદ્ધ થયેલ 'રંગપ્પા વિ, મોહન''ના ચુકાદામાં તેમજ, ૨૦૦૧ ક્રી.લો.જ. ૧૭૪૫ ઉપર પ્રસિદ્ધ થયેલ ''કે.એન.બીના વિ. મુનીથપન''ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલત એ પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતો મુજબ તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય તો ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ તકરારી ચેક કાયદેસર રીતે વસુલ કરાવી શકાય તેવા લેણાની ચુકવણી પેટે જ આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે અને તેથી જયાં સુધી વિરુદ્ધનું પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી આ ચેક ફરિયાદીએ ધી નેગોશિયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮માં જણાવ્યા મુજબ કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારી માટે મેળવ્યો હતો તેમ અનુમાન થાય. હાલના કેસમાં તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું પુરવાર થતું હોય ધી નેગોશિયએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન કરવાનું રહે છે. જેથી **આંક–૧૩** વાળો તકરારી ચેક આરોપીએ તેના કાયદેસરના દેવા, જવાબદારી

પેટે ફરિયાદીને આપેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે એટલે કે, તકરારી ચેકો ફરિયાદીના કાયદેસર રીતે વસૂલ કરાવી શકાય તેવા કાયદેસરના લેણાંની ચુકવણી પેટે જ આરોપી દ્વારા આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનું રહે છે.

(૧૪) નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના AIR 1964 SUPREME COURT 575 "Dhanvantrai Balwantrai Desai v. State of Maharashtra"ના ચુકાદામાં નોંધેલ છે કે,

"12............ The burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under S. 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by 'proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exists. Unless, therefore, the explanation is supported by proof, the presumption created by the provision cannot be said to be rebutted."

નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોક્ત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે કાયદાની જોગવાઈમાં '**unless the contrary is proved'** શબ્દનું પ્રયોજન કરવામાં આવેલ હોય ત્યારે આવા અનુમાનનું ખંડન માત્ર ખુલાસાઓથી નહિ પરંતુ પુરાવાઓથી

જ થઈ શકે. વધુમાં આરોપીપક્ષે જયારે ચેકમાં પોતાની સહીને નકારેલ ન હોય ત્યારે અન્ય વિગત ફરિયાદીએ ભરેલ ન હોવા માત્રથી પણ આરોપીને લાભ મળતો નથી. આ અંગે સર્વોચ્ચ અદાલતે **Bir Singh v Mukesh kumar**, **CRIMINAL APPEAL NOS.230-231 OF 2019** માં પણ ઠરાવેલ છે કે,

“37. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted. 38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.”

આમ, સમગ્ર પુરાવાઓ ધ્યાને લેતા ફરિયાદપક્ષ તરફે રજૂ થયેલ પુરાવાઓને આરોપીપક્ષે નકારવામાં આવેલ નથી. આરોપીપક્ષે ચેકમાં કરેલ સહીને નકારેલ નથી અને ફરિયાદીની બીજી હકીકતોનું ખંડન કરેલ નથી અને ચેક ફરિયાદી પાસે હોવા અંગે પણ કોઈ ખંડન કરેલ નથી કે આરોપીપક્ષે પણ કોઈ પુરાવો રજૂ નથી. આરોપી પક્ષે ફરિયાદીએ આપેલ ફરિયાદ કે દસ્તાવેજી પુરાવાઓને

નકારેલ શકેલ નથી કે ખોટા સાબિત કરી શકેલ નથી. તેમજ આરોપીપક્ષે એવો કોઈ પ્રોબેબલ ડીફેન્સ જણાઈ આવતો નથી. આરોપીપક્ષે ચેકની સહીને નકારેલ નથી કે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ ન હોય, સહી કરેલ ન હોય, રૂપિયાની ઉઘરાણી ખોટી હતી કે ફરિયાદી તરફે આપવામાં આવેલ નોટિસ અંગે કોઈ રીબુટલ અનુમાન કે બચાવ રજૂ કરેલ નથી.

(૧૫) ફરિયાદીએ પોતાની ફરિયાદની હકીકતો જણાવી અને ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે તેમાં જણાવેલ હકીકતો સંદર્ભ **આંક–૧૩ થી આંક–૧૯** સુધીના દસ્તાવેજી પુરાવા લક્ષમાં લેતા ફરિયાદીને આરોપીએ પોતાના દેવાની ચુકવણી પેટે **આંક–૧૩**થી રજૂ ચેક આપેલ હતો તેવી હકીકતને સમર્થન મળે છે આ ચેક ફરિયાદીએ તેઓના બેંકમાં જમા કરાવતાં **આંક–૧૪**થી રજૂ ચેક રીર્ટન મેમા મુજબ **ફંડસ ઈન્સફીશીયન્ટ** ના કારણોસર વણચુકવ્યો પરત આવેલ હતો જે વણચુકવ્યા પરત ફરેલ ચેકની રકમ ચુકવવા ચેક લખનાર એટલે કે આરોપીને ધી નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ **આંક–૧૫**ની નોટિસ ઈસ્યુ કરવામાં આવેલ હતી જે નોટિસ મોકલ્યાની પોસ્ટ વિન્ડો સ્લીપ આ કામે **આંક–૧૬, ૧૮**થી રજૂ કરેલ છે અને આરોપીને નોટિસ બજયા અંગેની એકનોલેજમેન્ટ આંક–**૧૭, ૧૯** થી રજુ છે આમ, આરોપીને નોટીસ બજવા છતાં નિયત મુદતમાં ચેકની રકમ ચુકવવામાં આરોપી નિષ્ફળ ગયેલ છે આમ, ફરિયાદીની જુબાનીથી તેમજ તે સાથે રજૂ કરેલ દસ્તાવેજી પુરાવા અને દલીલો તથા ઓથોરીટી લક્ષમાં લેતા, ફરિયાદની હકીકત નિ:શંકપણે

પુરવાર થાય છે. જેથી મુદ્દા નં ૧ નો જવાબ હકારમાં આપી મુદ્દા નં–૨ પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ//

૧. આ કામના આરોપી ચીંતન જયંતિલાલ કકકડ ઉ.વ.૩૨, ધંધો.વેપાર રહે.જેસુખભાઈ ગુજરાતીના મકાનની પાછળ, ગુજરાતીની વાડી, જેતપુર ધંધાનું સરનામું. શ્રીજી પાન, બોસમીયા કોલેજ પાસે જુની પંચવટી હોટલ જેતપુર તા.જેતપુર જી.રાજકોટ. નાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૫(૨) મુજબ ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

૨. આ કામે આરોપીને સજા કરતાં પહેલા આરોપીને સાંભળવા જરૂરી હોય તેમને સાંભળવા માટે આ ચુકાદો આ તબકકે મુલતવી રાખવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૬, માહેઃજુન, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૬/૦૬/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.

**<u>સજા અંગે સાંભળવા પર મુલતવી :–</u>**

**<u>સજા અંગે સાંભળ્યા.</u>**

(૧૬) સજા અંગે ફરિયાદ પક્ષે ફરિયાદીના વિ.વ.શ્રી નાઓએ મૌખિક દલીલ કરેલ છે કે, સદર કામે આ કામના આરોપી સામે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ ૧૩૮ મુજબનો ગુનો સાબિત થયેલ હોય આ કામના આરોપીને યોગ્ય સજા કરી આ કામના ફરિયાદીને ચેકની રકમ વ્યાજ સાથે અપાવવા હુકમ કરવા નમ્ર અરજ કરેલ છે.

બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી કે આરોપી હાજર રહેલ ન હોય સજા અંગે કોઈ દલીલ કરવામાં આવેલ નથી.

સદર ફરિયાદની હકીકત અને કેસની કાર્યવાહીને ધ્યાને લેતા ફરિયાદી તરફે ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ની ખાનગી ફરિયાદ કરેલ હોય અને ગુનો સાબિત થયેલ હોય કેસના સંજોગોને ધ્યાને લેતા પ્રોબેશનનો લાભ મળવાપાત્ર ન હોય આરોપીને મહત્તમ સજા ન કરતા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

૧. આ કામના આરોપી ચીંતન જયંતિલાલ કકકડ ઉ.વ.૩૨, ધંધો.વેપાર રહે.જેસુખભાઈ ગુજરાતીના મકાનની પાછળ, ગુજરાતીની વાડી, જેતપુર ધંધાનું સરનામું. શ્રીજી પાન, બોસમીયા કોલેજ પાસે જુની પંચવટી હોટલ જેતપુર તા.જેતપુર જી.રાજકોટનાઓને ધી નેગોશિએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુનામાં ક્રિમીનલ પ્રોસીજર

કોડ,૧૯૭૩ની કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવી ૦૧(એક) વર્ષની સાદી કેદની સજા તથા **રૂ.૩,૫૦,૦૦૦/–** (અંકે રૂપિયા ત્રણ લાખ પચાસ હજાર પુરા)નું વળતર આ કામના ફરિયાદીને આપવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી જજમેન્ટ જાહેર કરતા સમયે હાજર ન હોય તેઓની ગેરહાજરીમાં સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) હેઠળ ચુકાદો જાહેર કરવામાં આવે છે. આરોપી સામે હુકમ મુજબ સજા વોરંટ સંબંધિત પોલીસ અધિક્ષક કચેરી ખાતે મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ આ ગુનામાં જેલમાં સમય ગાળેલ હોય તો તે સમય સજામાં મજરે આપવો.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૬, માહેઃજુન, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ૧૬/૬/૨૦૨૬.

મુકામઃ જેતપુર.

**(ધવલકુમાર મીઠાભાઈ પરમાર)**

**જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**જેતપુર.**

**UIC–GJ**01563.

**Typed by:– k.m.v. Guj. Steno.**